

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

કરે ઉઠબેસ, ને રહે વાંકા, અગૂંઠા પકડી !
અને ઊભા રહે પાટલી પર બે કાન પકડી !
પકડીને ચાલે ખેસ કરે હાજીહા 'વિદ્યાપીઠો -'
રહે મૌન, સહન કરે આદેશો, શાંતિ પકડી...
(જેએનયુ, સમસ્યા)

### હાઈકુ

સંસ્થાઓ પર,
યેનકેન પ્રકારે -
ઘોંચો અંકૂશ...

ચોરી ચૂપકે -
સરમુખત્યારીની
લાગે લગામ...

### ચિંતન

દાક્ષિણ્યં સ્વજને દયા પારજને શાઠ્યં સદા દુર્જને ।
પ્રીતિઃ સાધુજને નયો નૃપજને વિદ્વજ્જને ચાર્જવમ્ ॥
શૌર્ય શત્રુજને ક્ષમા ગુરુજને નારીજને ધૃષ્ટતા ।
યે ચૈવં પુરુષાઃ કલાસુ કુશલાસ્તેષ્વેવ લોકસ્થિતિઃ ॥

ઉપરોક્ત શ્લોક 'જ્ઞાનસૂત્ર'માંથી લેવામાં આવેલ છે.
સ્વજને સૌમ્ય, દયા સહારે, શઠતા, દુર્જનતા પ્રતિ
સજ્જને પ્રેમ, નીતિ સત્તા વિષે, આદર જ્ઞાનીનો પ્રતિ
શત્રુ શૂરથી, જીતે વડીલો ક્ષમાથી, નાથે ધૃષ્ટતાથી નારી
આ સર્વ કળાએ નિપુણ જન પર સફળતા જાય સંસારે વારી.

સજ્જન માટે અહીં સાત્ત્વિક જીવન જીવવા માટેના સદ્ગુણ કહેવાં આવ્યા છે. સંસારમાં સદ્ચરિત્ર અને સદ્ વર્તન ખૂબ જ જરૂરી છે.

### સુવિચાર

- ખ્વાહિશોં કા કૈદી હું, મુઝે હકીકતેં સઝા દેતી હૈ...
  આસાન ચીઝોં કા શૌક નહીં મુઝે મુશ્કિલે મઝા દેતી હૈ - **ફઝલ રહેમાની**
- મારા જીવન માટે હું મારા પિતાનો આભારી છું, પરંતુ મારા શ્રેષ્ઠ જીવનને માટે તો મારા શિક્ષકનો જ આભારી છું - **સિકંદર**
- દરેક કામ વડના બી જેવું છે, એ નાનકડા બીમાં આખો વડ સમાયેલો હોય છે, જે બુદ્ધિશાળી છે તે આ વાત સમજે છે - **ડચ કહેવત**
- દુનિયામાં તમારે તરવું હોય તો હાથ-પગ પર ભરોસો રાખો, મહેનત સાથે મહોબત રાખો, જેનું શરીર કેળવાય છે તેનું મગજ પણ સાથોસાથ ખીલે છે - **સરદાર પટેલ**
- આપણે મર્યાદિત નિરાશાનો સ્વીકાર કરવો જોઈએ, પણ અમર્યાદિત આશાને કયારેક ગુમાવવી ન જોઈએ - **માર્ટીન લ્યુથર કીંગ**
- એ માણસની તાકાત અને ક્ષમતાઓ દસ લોકોના બરાબર હોય છે, જેનું હૃદય પવિત્ર હોય છે - **અલ્ફ્રેડ ટેનિસન**
- આજનું ઔષધ - સૂર્ય ઉગતા પહેલા શેરડી ચૂસીને ખાવાથી કમળામાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક વાર રામકૃષ્ણ પરમહંસ એકાંતમાં ગંગા કિનારે સંસારથી અલિપ્ત થઈ ગયા હતા. જાણે દેહથી તેઓ નિર્લેપ બની ગયા હતા. એવામાં એક અલ્લાહનો બંદો ત્યાં આવ્યો. તેના હાથમાં વાટકામાં થોડો ભાત હતો. દૂબળા પાતળા પરમહંસને જોઈ તેણે એક કોળિયો ભાત પરમહંસના મોઢામાં મૂકી ચાલ્યો ગયો. થોડીવારે ભાનમાં આવ્યા ત્યારે એમને ખ્યાલ આવ્યો કે કોઈ મૌલવી ફકીર તેમને ભાત ખવડાવીને ચાલ્યો ગયો છે. મસ્તીમાં હતા ત્યારે મનમાં અભેદ બુદ્ધિ પણ હતી જેવી અલિપ્તતા છૂટી કે તરત જ ભેદ બુદ્ધિ આવી ગઈ. હું હિંદુ છું, એ મૌલવી છે. મારાથી એનું ન ખવાય. આવા વિચારો આવવા લાગ્યા. મનમાં અજંપો શરૂ થયો. કાલી માતાના મંદિરમાં આવ્યા અને પરમહંસ રડવા લાગ્યા. અને માતાને વિનવણી કરતાં બોલ્યા, 'મા, મને ક્ષમા કરો. મારાથી આજે યવનના હાથનું અજાણતા ખવાઈ ગયું છે.' જાણે મા કાલી એમને સંબોધીને બોલતા હોય એવું એમને લાગ્યું, 'બેટા, આજે તને શું થયું છે? તારી ભેદબુદ્ધિ તને ભરમાવી રહી છે, એ સફેદ દાઢી વાળા મૌલવી તો ખુદ મહંમદ પયંગમ્બર હતા. એ અને હું બેવ એક જ છીએ.' રામકૃષ્ણ પરમહંસે આ અલૌકિક વાણી સાંભળી તેમની ભેદ બુદ્ધિ દૂર થઈ ગઈ. તેઓ મા કાલીના ચરણો મસ્તક નમાવીને બોલ્યા, 'આપ બિલકુલ સાચા છો મા !!! મારામાં ભેદબુદધિ કેમ ? અને ક્યાંથી આવી ગઈ? મને ક્ષમા કરજો.'

# બંગભૂમિની ઉપેક્ષા થઈ જ ન શકે

**તંત્રીસ્થાનેથી...**

ભારતને એનું રાષ્ટ્રગાન આપનારા બેઉ સર્જકો બંગભૂમિએ આપ્યા છે. બંકિમચંદ્રની નવલકથા 'આનંદ મઠ' ના એક પ્રલંબ ગીતનો અંશ તત્કાલીન મૂર્ધન્ય રાષ્ટ્રપુરુષોએ રાષ્ટ્રગાન સ્વરુપે સ્વીકાર્યો હતો. આઝાદીની ચળવળ ટાણે 'વંદે માતરમ્' ની બોલબાલા હતી અને માથે કફન બાંધી ફરનારા નવલોહિયા સ્વાતંત્ર્ય વીરો 'વંદે માતરમ્' કહી હસતા મોઢે ફાંસીના ચાંચડે લટકી જતા હતા. કોંગ્રેસના દરેક અધિવેશનમાં 'વંદે માતરમ્' ફરજિયાત ગવાતું હતું. રવીન્દ્રનાથ ઠાકુરનું 'જનગણમન અધિનાયક...' રાષ્ટ્રગીત તરીકે માન્ય થયું. એમનું 'આમાર સોનાર બાંગ્લા' પાકિસ્તાનમાંથી છૂટા પડેલા બાંગ્લાદેશનું રાષ્ટ્રગીત બની રહ્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજી વચ્ચે અનેક મુદ્દાઓ પર મતભેદ છે. કદાચ દેશની કેન્દ્ર સરકારના સૌથી ઉગ્ર ટીકાકાર મુખ્યમંત્રી તરીકે મમતા બેનરજીને ગિનેશ બુકમાં સ્થાન મળી શકે. પં. બંગાળની વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે. ત્યારે કોલકાત્તાનાં કેટલાક હેરિટેજ મૂલ્ય ધરાવતાં સ્થાનોની શોભાવૃત્તિ માટે રાજય અને કેન્દ્ર બેઉ વચ્ચે હરિફાઈ જામી છે. વિશ્વ હેરિટેજ આઈટમ ગણાતા હાવડા બ્રિજનું નવું નામ 'રવિન્દ્ર સેતુ' છે. એક કવિનો આટલો જબરદસ્ત પ્રભાવ દેશના અન્ય કોઈ રાજયમાં શોધ્યો જડે એમ નથી. અપવાર રુપે કર્ણાટકમાં ઠેર-ઠેર કે.વી. પુટપ્પા - 'કુવેમ્પુ' નું નામ જોડાયેલું જોઈ થોડો સંતોષનો ઓડકાર જરૂર લઈ શકાય. પરંતુ રવીન્દ્ર એ રવીન્દ્ર છે. બંગાળની સંસ્કૃતિ અને ચેતનાના સર્વકાલીન, શાશ્વત પ્રતિનિધિ લેખે તેઓ આજરામર છે. વિવિધ વિકાસકાર્યોના ઉદ્ઘાટન અને લોકાર્પણ પ્રસંગે કોલકાત્તા પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અત્યંત સૌમ્ય અને આદરસભર ભાષામાં બંગભૂમિની પ્રશસ્તિ અને વંદના કરી એથી સ્વાભાવિક રીતે જ મમતા બેનરજીનો રોષ અને આક્રોશ થોડો શાંત પડ્યો હશે. મોદીએ કહ્યું કે બંગભૂમિએ એકાધિક 'ચંદ્ર' પેદા કર્યા છે - એમણે ચંદ્રનું લટકણિયું ધરાવતી વિભૂતિઓમાં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર અને શરદચંદ્ર ચટોપાધ્યાયને પણ યાદ કર્યા. વળી બંગભૂમિના તેજીલા તોખારો કે જેમને દેશની આઝાધી માટે ફાંસીના માંચડે લટકી જવામાં ગૌરવ અનુભવ્યું હતું એવા ખુદીરામ બોઝ જેવા અનેક સ્વાતંત્ર્ય વીરોની સ્મૃતિ ઉજાગર કરતું મ્યુઝિયમ પણ ખુલ્લું મુકાયું. આ તમામ કાર્યવાહીમાં સ્વાભાવિક રીતે જ વડાપ્રધાન સાથે ગમે તેટલા ઉગ્ર મતભેદો હોય તો પણ હાજર રહેવું જ પડે એમ હતું અને મમતા બેનરજી હાજર રહ્યાં પણ ખરાં. પરંતુ નાગરિકતા સંશોધન કાનૂન અને નેશનલ રજિસ્ટર ઓફ સિટીઝન્સ જેવી બાબતો પ્રત્યેનો એમનો આક્રોશ અકબંધ રાખીને. મોદી જયાં પણ ગયાં ત્યાં એમને 'ગો બેક' ના નારા સાંભળવા પડ્યા. બંગભૂમિનો મિજાજ દેશના અન્ય પ્રદેશો કરતાં કંઈક જુદો જ છે - એની વડાપ્રધાનને પ્રતીતિ કરાવીને મમતા બેનરજીએ એ બેઉ મુદ્દાઓ પરત્વે પુનર્વિચારણાની માગણી કરી છે, જેને વખત પૂરતી મોદીએ દિલ્હી ગયા પછી એ વિશે વિચાર કરવાનું વચન આપીને શાંત પાડી છે. મમતા બેનરજી પોતે વિવિધ લોકાર્પણ કાર્યક્રમોમાં ઔપચારિક હાજરી આપીને તરત જ પાછાં વડાપ્રધાન સામેના વિરોધપ્રદર્શનોમાં જોડાઈ જતાં રહ્યાં તો એક અઠંગ નેતૃત્વની ઐતિહાસિક ઘટના છે.

# અનામતની કાખઘોડી રાખવા કે ફગાવવાનાં વોટકારણ



**અતિતની આજ**

ડૉ. હરિ દેસાઈ

દેશમાં સરકારી નોકરીઓ છેલ્લાં ૪૫ વર્ષમાં સૌથી તળિયે હોવાના અહેવાલો વચ્ચે અનામત-અનામતનાં ભૂત ધૂણાવવાની કવાયત ચાલે છે. મોંઘવારી અને બીજી બધી સમસ્યાઓ વચ્ચે પીસાતી પ્રજા ઓચ્છવો અને ઈવેન્ટો વચ્ચે દિશાશૂન્ય બનતી જાય છે. બ્રેડ ના મળે કે પરવડે તો કેક ખાવાનો ઉપદેશ કરવાનો માહોલ જામ્યો છે. હમણાં મહારાષ્ટ્રની વિધાનસભા અને વિધાનપરિષદમાં વિપક્ષના નેતાઓ અનુક્રમે દેવેન્દ્ર ફડણવીસ અને પ્રવીણ દરેકર (બંને ભાજપીનેતા) થકી ગાંધીજી અને નેહરુ અનામતના વિરોધી હોવાની વાતને રજૂ કરાઈ. આ બંને નેતાઓને ટાર્ગેટ કરવાની ઝુંબેશનો જ આ ભાગ છે. ઈતિહાસનું વિકૃતીકરણ છે. કારણ સરદાર પટેલ અને ક.મા.મુનશીની અનામત વિરોધની ભૂમિકા સામે તો ડૉ.આંબેડકરે રાજીનામું ધરી દીધું હતું,પણ એ ફાડી નાંખીને સરદારે એમને મનાવી લીધા હતા. ઈતિહાસની વાતો પોતાના પક્ષને અનુકૂળ આવે તે રીતે સંદર્ભ વિના ટાંકવાની ફેશન વર્તમાનમાં બેપાંદડે છે. અનામતની મુખ્યત્વે જે ચર્ચા બંધારણ સભામાં થઈ એ રાજકીય અનામત વિશેની હતી. હકીકતમાં એ કેન્દ્ર અને રાજ્યોની ધારાસભાઓમાં એસસી અને એસટી માટે અનામત બેઠકો માટેની જોગવાઈ કરવા માટેની હતી. હમણાં ૨૦૨૦માં પૂરી થતી આ અનામતને કેન્દ્રની મોદી સરકારે વધારવાની દરખાસ્ત મૂકી અને બધા પક્ષોએ એને ટેકો આપ્યો. અત્રે એ નોંધાવાની જરૂર છે કે ડૉ.આંબેડકરના પૌત્ર અને બહુજન વંચિત આઘાડીના નેતા પ્રકાશ ઉર્ફે બાળાસાહેબ આંબેડકર આવી રાજકીય અનામત નાબૂદ કરવાના સમર્થક છે અને એ માટે ઝુંબેશ ચલાવે છે પણ બીજા કોઈ પક્ષ એમને ટેકો આપતા નથી. બીજી બે પ્રકારની અનામત માટે માત્ર દલિતો અને આદિવાસી કે ઓબીસી જ નહીં, કથિત સવર્ણો પણ ખૂબ આગ્રહી ભૂમિકા ધરાવે છેઃ પહેલી, શિક્ષણમાં પ્રવેશની અને બીજી, સરકારી નોકરીઓમાં અનામત. હવે સરકારી નોકરીઓમાં આઉટસોર્સ કરવાનું પ્રમાણ એટલું વધ્યું છે કે એ વસૂકી જવામાં છે ત્યારે રાજનેતાઓને ખાનગી ક્ષેત્રમાં અનામત દાખલ કરવાની લોકપ્રિય ભૂમિકા આગળ વધારવાનું સૂઝવા માંડ્યું છે.

સ્વયં ડૉ.આંબેડકરે પોતાના સમાજ અંગે ૨૪ માર્ચ ૧૯૫૬ના રોજ નોધ્યું હતુંઃ **"The reservations are not going to last forever. After all, we will have to rely on our own strength and competence. We should stand on our own feet as soon as possible. We will not be able to make much progress if we depend on the crutches of reservations for ever."** ડૉ.આંબેડકરની આ કાખઘોડીવાળી વાતને ૧૯૮૧માં ભાજપની માતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની પ્રતિનિધિસભા(સાંસદ)માં પસાર કરાયેલા ઠરાવમાં ઝીલવામાં આવી અને આર્થિક અનામતની માંગણી કરાઈ હતી. પંડિત નેહરુએ પણ મહાત્મા ગાંધી અને ડૉ.આંબેડકરની જેમ જ અનામત પ્રથાના ઓશિયાળાપણાને બદલે વંચિતોને શિક્ષણ થકી સમર્થ બનાવવાની જ વાત ૨૭ જૂન ૧૯૬૧ના પત્રમાં કરી હતી. બાબાસાહેબનું નિધન ૧૯૫૬માં થયું અને નેહરુનું ૧૯૬૪માં. ડૉ.આંબેડકરના મૃત્યુ પછી પણ વડાપ્રધાન નેહરુએ અનામત પ્રથા દૂર કરવાની દિશામાં કોઈપણ પગલું ભરવાને બદલે દલિતો,આદિવાસીઓ અને અન્ય વંચિતોને શિક્ષિત કરીને સમર્થ બનાવવાના જ અભિયાનને આગળ વધાર્યું હતું. અનામતની જોગવાઈઓનો હેતુ હિંદુ સમાજમાં પ્રવર્તમાન જાતિગત વ્યવસ્થાઓમાંથી ઊભી થયેલી અસ્પૃશ્યતા, જ્ઞાતિગત અવહેલના, અપમાન,અન્યાય,શોષણ વગેરે કારણે સહન કરતા અને વિકાસની તકોથી વંચિત રહી ગયેલા શોષિત,પીડિત એવા અનુસૂચિત જાતિ-જનજાતિના સમાજને મુખ્યધારામાં લાવવાનો હતો. રાજકીય અનામતની દર ૧૦ વર્ષે સમીક્ષા થવી જોઈએ,પણ શિક્ષણ તથા સરકારી નોકરીઓમાં અનામત માટે કોઈ સમય મર્યાદા બાંધવામાં આવી નહોતી. હકીકતમાં અનામત વિશે સત્તારૂઢ પક્ષના નેતાઓ જ નહીં, મંત્રીઓ પણ ભળતાંસળતાં નિવેદન કરીને ગૂંચવાડા સર્જે છે. લોકોમાં એક પ્રકારનો અજંપો પેદા કરવાની યોજનાબદ્ધ કોશિશ કરવામાં આવે તો એ સમાજમાં વિખવાદ પેદા કરે છે. શાસકોની અને વિપક્ષે બેસનારા રાજનેતાઓ અને પક્ષોની ફરજ બને છે કે આવા વિખવાદ ટળે અને સમાજમાં સૌહાર્દ જળવાય એ દિશાના પ્રયાસોમાં સહયોગ કરે.

# પ્રામાણિકતાનું અરણ્યરુદન ભાગ્યે જ કાને પડે છે

**પરોઢે મંદિરશંખ ફૂંકાયા ને સાંજે થયા ઘંટનાદ;**
**શત્ ખૂટે તોય કામ ન ખૂટે ! કોને દેવો મારે સાદ ?**
**દા'ડો આખો ઠરી ન બેસવું ઠામ,**
**રાતે તોય ઊભું કામ ને કામ !**
**માથું ભમે ને અંગ ઢળી પડે, હાથે ખાલી ચડી જાય,**
**પાંપણે જાણે મણીકા મેલ્યા, પડ્યે વળે ઝાંય...**
**- રામજી ! કાં રોટલા મોંઘા ?**
**લોહીમાંસ આટલાં સોઘાં ?!**

**- ઉમાશંકર જોશી**

આપણા દેશની પરિસ્થિતિ કેટલાય વર્ષો પહેલા લખાયેલા આ કાવ્ય જેવી આજે પણ છે તો આપણે વિકાસ, પ્રગતિ અને ઉન્નતિની વાતો કરીએ છીએ તેનું શું એ પ્રશ્ન ચોક્કસ ઉદ્ભવે ! વર્ષ ૨૦૨૦ની શરુઆતે જ ભારતમાં બની રહેલા હિંસક બનાવો, ઓસ્ટ્રેલિયામાં લાગેલી ભીષણ આગ તેમજ અમેરીકા, ઈરાક અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધો આ તમામ બાબતોએ વિશ્વભરમાં અરાજકતા ફેલાવી દીધી છે. આપણા દેશમાં ધર્મને લઈને અનેક મતમતાંતરો ચાલ્યા કરે છે ઘણા હિંદુઓના મનમાં મુસ્લિમો વિશે અને મુસ્લિમોના મનમાં હિંદુઓ વિશે ચિત્ર-વિચિત્ર ખ્યાલો હોય છે કે તેઓ ઝનૂની છે. ધર્મ માટે જડ છે કે હિંસક છે વગેરે. હિંદુ-મુસ્લિમ વચ્ચે સંસ્કારભેદ હોય તો પણ મનુષ્યપણાની મોટી સમાનતા તો છે જ. કોમી તનાવો જે પણ ઊભા થાય છે તેમાં અન્ય પરિબળો ઉપરાંત ગેરસમજ અને ગ્રંથિઓનો ઘણો મોટો ફાળો છે. આપણા સૌ એ જાણીએ પણ છીએ કે હિંદુ મુસ્લિમ મૈત્રી જ આ ગ્રંથિઓને અને ગેરસમજને ભેદી શકશે પણ એવું કરવામાં આપણે આજે પણ અચકાઈએ છીએ.

ધર્મની વાત આવતાં જ એક ઝનૂન જાણે આપણા પર સવાર થઈ જાય છે ! સુરેશ જોશી આ અંગે લખે છે કે : એક વાર ફિલસૂફ સ્પિનાઝોએ મૌલિક ચિંતન રજૂ કર્યું. રૂઢિચુસ્ત ધર્મના સંરક્ષકો ચોંકી ઊઠ્યા, એને ધર્મમાંથી બહિષ્કૃત કર્યો. એનો કોઈ પડછાયો પણ લે નહીં, એને કયાંક કોઈ આશ્રય આપે નહીં. વરસાદની ઝડી એના પર તૂટી પડે, પવન એને પછાડે, એ નરકના અગ્નિમાં બળેઃ ધર્મ જેવો ધર્મ આવી શાપવાણી વચ્ચારે, આવું ઝેર ઓકે ! સ્પિનોઝા શેરીમાં નીકળે તો કોઈ પશુને પથ્થર મારીને ભગાડે એમ લોકો એને ભગાડે ! આખરે નાસ્તાં - ભાગતાં સ્પિનોઝાએ એક કુટુંબના ઘરના કાતરિયામાં આશ્રય લીધો. પછી એણે કદી માનવસમાજ વચ્ચે પણ પગ મૂક્યો નથી. ઉપર એને માટે સવાર-સાંજ બારણા આગળ ખાવાની થાળી મૂકી જાય.

એક દિવસ એ થાળી એમ ને એમ પડી રહી. જઈને જોયું તો સ્પિનોઝા ટેબલ પર માથું મૂકીને મરણશરણ થઈ ગયેલો ! ટેબલના ખાનામાંથી એણે લખેલા પુસ્તકની હસ્તપ્રત નીકળી, એ પુસ્તક તે પ્રખ્યાત 'નીતિશાસ્ત્ર'. એણે ફિલસૂફીની દુનિયામાં હલચલ મચાવી દીધી.

સમાજ, સંસ્થાઓ, ધર્મપ્રતિષ્ઠાનો આવી અનુદારતાથી જ પ્રભાવશાળીઓ જોડે વર્તે છે. મહાકવિ હોમરને ઉત્તરાવસ્થામાં અંધ થઈ ગયા છતાં બારણે બારણે ભીખ માંગવી પડી. સોક્રેટિસને ઝેર પીવુ પડ્યું. સમાજ કદાચ આ સિવાય બીજી કોઈ રીતે પ્રતિભાશાળીનું ગૌરવ કરી શકતો નથી.'



**WhatsApp ઓફ ધી વીક**

નેહલ ગઢવી

સોશિયલ મીડિયા અને પ્રિન્ટ મીડિયાના આ યુગમાં યુવાનો સુધી જે કાંઈ વાંત પહોંચે છે એ સંપૂર્ણપણે સાચી હોય તેમ ન પણ બને. વાતને તોડી-મરોડીને યુવાનો સુધી પહોંચવાને કારણે મોટાભાગના લોકોને સાચી હકીકતથી જાણકારી હોતી જ નથી. પરિણામે, અજ્ઞાનને કારણે અને અપૂરતી ખોટી-સાચી માહિતીને સાચી માની લેનારો એક આખો વર્ગ ઊભો થાય છે. વિનોબા બાવે કહે છે તેમ, 'માણસ સ્વભાવથી સ્વાર્થી, લોભી કે એકપેટો નથી, પણ ખોટી સમાજરચનાને કારણે એમ વર્તતો થઈ ગયો છે. આપણને જો ઉચિત ને અનુકૂળ સમાજ-વ્યવસ્થા ઊભી કરી શકીએ, તો પ્રમ કરવો, બીજા માટે ઘસાવું વગેરે તેની મૂળભૂથ સ્વાભાવિક વૃત્તિઓને મ્હોરી ઊઠવા માટે પૂરતો અવકાશ મળે.' તો આવો, નવાં વર્ષના આરંભે ૨૦૨૦માં એક એવા વિશ્વની રચના કરીએ કે જ્યાં વ્યક્તિ એકબીજાને વધુ સારી રીતે સમજી શકે તેટલો સહિષ્ણુ બને !

**Last Seen :**

**ધર્મની ઓથે**

**સાચું બોલવાનો આગ્રહ રાખનારા માણસ બિલકુલ નિર્દોષ હોય તો પણ દુઃખી થાય, એવો રુગ્ણ સમાજ આપણે કહેવાતા ધર્મની ઓથે રચી બેઠા છીએ. સર્વત્ર ઓચ્છવઘેલી, લાભઘેલી અને લોભઘેલી ધાર્મિકતાનો જયઘોષ સંભળાય છે, પરંતુ પ્રામાણિકતાનું અરણ્યરુદન ભાગ્યે જ કાને પડે છે.**

- ગુણવંત શાહ

- nehalgadhavi101@gmail.com

# કાયદાથી મળેલા અધિકારો સિવાય કર નાખી શકાય નહિ કે વસુલી શકાય નહિ

બંધારણની કલમ ૨૬૫ ની જોગવાઈ મુજબ કાયદાની જોગવાઈઓથી મળેલી સત્તા સીવાય રાજય કોઈપણ પ્રકારનો કરવેરો નાંખી કે વસુલી શકે નહિ એટલે કે ધારાસભા દ્વારા પસાર કરવામાં આવેલા કાયદા દ્વારા પસાર કરવામાં આવેલો કાયદો વહીવટી પગલા કે ગૃહના ઠરાવ માત્રથી કોઈ કરવેરો લાદી કે વસુલી શકાય નહિ કાયદો યોગ્ય પ્રક્રિયા દ્વારા પસાર થયેલો હોવો જોઈએ એટલે કે કાયદો ઘડનારને આવો કાયદો ઘડવાની વૈધાનિક સત્તા હોવી જોઈએ કાયદો સંવિધાનની કોઈ ખાસ જોગવાઈઓને પ્રતિબંધિત કર્યા મુજબનો ના હોવો જોઈએ. દા.ત. કલમ ૨૭૬, ૨૮૫, ૨૮૬ અને ૨૮૯ મુજબ નો ના હોવો જોઈએ તેમજ આવો કાયદો સંવિધાનથી આપેલા મૂળભૂત હક્કો સાથે કે કલમ ૧૩ સાથે વિસંગત પણ ના હોવો જોઈએ. જો કરવેરા અંગેનો કાયદો કલમ ૧૪ ના સમાનતાના સિધ્ધાંતનો ભંગ કરતો હશે તો તે રદબાતલ ગણાશે. માત્ર કરવેરા નાખવાનું જ નહિ પણ તેની વસુલાત પણ કાયદા દ્વારા મળેલી સત્તા દ્વારા જ થઈ શકે છે. ગેરકાયદેસર રીતે વસુલ કરેલ વેરો પરત કરવો જરૂરી છે. કરવેરામાં ગેરવ્યાજબી લાભ નો સિધ્ધાંત લાગુ પડે છે. કાયદાના ભૂલથી ભરાયેલા વેરા પરત કરવાના હુકમો રીટ કોર્ટ કરી શકે છે.

કરવેરા અને ફી વચ્ચે પણ સ્પષ્ટ તફાવત સંવિધાનની સાતમી અનુસૂચિમાં જણાવેલ છે. કેન્દ્ર અને રાજય યાદીમાં વિવિધ પ્રકારના કરવેરા માટેની નોંધ દર્શાવી છે. જયારે દરેક યાદીના અંતે તે હેઠળ લ શકાતી ફીની નોંધ પણ દર્શાવી છે. કરવેરા નાંખવા કે વસુલવા માટે કાયદા દ્વારા સત્તા મળવી જરૂરી છે. જયારે ફીની બાબતમાં તેમ નથી. ફી અને વેરાનો મહત્વનો તફાવત એ છે કે વેરો એ સામાન્ય ભારણના ભાગરૂપે વસુલ કરવામાં આવે છે જયારે ફી કોઈ વિશિષ્ટ લાભ કે હક્ક આપવાના બદલામાં લેવામાં આવે છે જો ઉઘરાવેલ રકમ રાજયના સામાન્ય મહેસુલ માટે મેળવવામાં આવી હોય તો તે કરવેરો છે ફી નથી.

**કર ડયુટી વધારવા ઘટાડવા માટે બંધારણની જોગવાઈ મુજબ જ કેન્દ્ર સરકાર પગલા ભરી શકે છે**

ઘણીવાર ફી ના નામે કરવેરો ઉઘરાવવામાં આવે છે. ઉઘરાવેલ રકમ ફી છે કે વેરો તે અંગે ઉત્તરપ્રદેશ રાજય વિરૂધ્ધ વલી ઓર્ગેનીક લી. ના કેસમાં સુપ્રીક કોર્ટે ઠરાવેલ છે.

સંઘની યાદીમાં જણાવેલ હોય તેવ સ્ટેમ્પ ડયુટી અને દાવાઓ અને પ્રસાધન સામગ્રી ઉપરની આબકારી ડયુટી ભારત સરકાર નાંખશે પણ તેની વસુલાત રાજયે કરવાની રહે છે.

જયારે સેવા કર ભારત સરકાર નાંખશે અને આ કરની વસુલાત અને વિનિયોગ ભારત સરકાર અને રાજયો કરશે. અમુક કરવેરા ભારત સરકાર નાંખે છે પરંતુ તેની આવક રાજય સરકારને વિકાસના કામો માટે ફાળવવામાં આવે છે. આંતર રાજય વેપાર, વાણિજય દરમ્યાન માલના ખરીદી ઉપરના કરો માલની રવાનગી થઈ હોય તો તેની ઉપરના કરો ભારતના એકત્રીત દંડનો ભાગ બનતો નથી તેને રાજયો વચ્ચે વહેંચવામાં આવે છે.

વેરા અને ડયુટી કેન્દ્ર સરકાર દ્વારા લાદવામાં આવશે પરંતુ આવકની રકમ સંસદ દ્વારા ઠરાવે તે રીતે રાજયોને વહેંચી દેવામાં આવે છે. જો કે કેન્દ્ર શાસીત પ્રદેશનો હિસ્સો કેન્દ્ર પાસે રહે છે કારણ કે તેનો વહીવટ રાષ્ટ્રપતિ દ્વારા કરવામા આવે છે.

આવક વેરાની વસુલ કરેલ રકમની વહેંચણી અંગેની જોગવાઈ કરવામાં આવી છે. આ જોગવાઈ મુજબ આવક વેરો કેન્દ્ર સરકાર દ્વારા લાદવામાં આવે છે અને વસુલવામાં આવે છે પરંતુ તેની નિર્ધારીત રકમ રાજયોને વહેંચવામાં આવે છે. કોર્પોરેટ વેરા એ કંપની દ્વારા કાયેલ નફા ઉપર લેવામાં આવતો હોય તેને રાજયોને વહેંચવામાં આવતો નથી. કેન્દ્ર શાસીત રાજયોનો વહીવટ રાષ્ટ્પતિ દ્વારા થતો હોય કેન્દ્ર શાસીત પ્રદેશોને આવક વેરાની રકમની વહેંચણી કરવાની જરૂર નથી તે પ્રદેશની આવક વેરાની રકમ કેન્દ્રના સંવિત નીધિનો ભાગ જ ગણાય છે.

કેન્દ્ર સરકાર કોઈપણ ડયુટી અથવા કરમાં સંઘના હેતુઓ માટે સરચાર્જથી વધારે કરી શકાશે અને એવા કોઈ પણ સરચાર્જની આવક ભારતના એકત્રીત ફંડનો ભાગ બને છે.



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

દવાઓ અને પ્રસાધનની સામગ્રી ઉપરની આબકારી જકાત સીવાયની સંઘની બીજી આબકારી જકાત ભારત સરકાર નાંખે છે અને વસુલ છે પરંતુ કાયદાથી સંસદમાં એ રીતની જોગવાઈઓ કરવામાં આવે છે અને વહેંચણીના સિધ્ધાંતો મુજબ આવી રકમ રાજયો વચ્ચે વહેંચવામાં આવે છે પરંતુ અસમ, બિહાર, ઓરીસ્સા અને પશ્ચિમ બંગાળમાં શણ અને શણની બનાવટો ઉપરની દરેક વર્ષની નિકાસ જકાતની ચોખ્ખી રકમનો કોઈ ભાગ આપવાને બદલેતે રાજયોની આવકની સહાય ગ્રાન્ટ તરીકે ઠરાવવામાં આવે છે અને તેવી રકમો દર વર્ષે એકત્રીત ફંડ તરીકે ઉધારવામાં આવે છે.

શણ અને શણની બનાવટોની વિદેશોમાં કરવામાં આવતી નિકાસ પર ભારત સરકાર નિકાસ ડયુટી વસુલ કરે છે. ગર્વમેન્ટ ઈન્ડીયા એકટ ૧૯૩૫ ની કલમ ૧૪૦(૨) મુજબ સંવિધાનના આરંભ અગાઉ આ રાજયોને શણ અને શણની બનાવટો પરની નિકાસ ડયુટીની આવકમાંથી ભાગ મળતો હતો હાલમાં રાષ્ટ્રપતિ નિયત કરે તેટલી રકમ રાજયોને અનુદાન કરવામાં આવે છે.

ડયુટી નાખતુ અથવા તેમાં ફેરફાર કરતા કોઈપણ વિધાયક ખેતીની આવક સીવાય કોઈપણ વિધેયક અથવા સુધારો રાષ્ટ્રપતિની ભલામણ સીવાય સંસદના બેમાંથી કોઈપણ ગૃહમાં રજુ કરી પ્રસ્તાપિત કરી શકાય નહી. રાજયને કલમ ૨૭૨ મુજબ જે કરવેરા, ડયુટીમાંથી ભાગ મળતો હોય તેવા કરવેરા કે ડયુટીમાં ફેરફાર કરતું વિધેયક રાષ્ટ્રપતિની ભલામણ સીવાય સંસદના કોઈપણ ગૃહમાં રજુ કરી શકાતુ નથી.

હાલમાં કેન્દ્ર અને રાજયોના કરવેરા અને ડયુટીના ઘટાડા માટે વિરોધ પક્ષ વારંવાર કેન્દ્ર સરકાર ઉપર દબાણ લાવી હડતાલો ટ્રેડ યુનિયનો દ્વારા કરાવે છે જે કર ડયુટી વધારવા ઘટાડવા માટે બંધારણની જોગવાઈ મુજબ જ કેન્દ્ર સરકાર પગલા ભરી શકે છે.